
# ૯ : પોપટે ખાધી પાકી કેરી



એક હતો પોપટ. તેને બહુ ભૂખ લાગી.
તેણે આંબા પર કેરી જોઈ, પાકી-પાકી !
આંબા પર એક કાગડો રહે. પોપટને જોઈ કાગડાએ બૂમો પાડી.
આ આંબાનું ઝાડ મારું છે.
ભાગી જા, પોપટ ભાગી જા.

કા...કા...કા... કા...કા...કા...
કાગડાની કાગારોળથી પોપટ ગભરાયો.
પોપટ ઊડીને દૂર એક ઘર પાસે ગયો.
તેની નજર મોટા રંગબેરંગી ફુગ્ગા પર પડી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

પોપટ ફુગ્ગાને ચાંચમાં લઈ
આંબા નીચે બેઠો.
તેના મનમાં એક વિચાર આવ્યો.
પોપટે પછી ફુગ્ગામાં ચાંચ મારી.
'ફટાક' અવાજ થયો. એ અવાજથી
કાગડાભાઈ બી ગયા.
કા...કા...કા... કરતા કાગડાભાઈ
ઊડી ગયા.



આંબાના ઝાડ પર જઈને
પોપટભાઈએ કેરી ખાધી.
પાકી-પાકી, મીઠી-મીઠી.
પોપટભાઈને મજા પડી.
મજા પડી ભાઈ મજા પડી
કેરી ખાવાની મજા પડી.
વાહ રે પોપટભાઈ, વાહ વાહ !



**નવા શબ્દો**

રંગબેરંગી ◆ કાગારોળ ◆ ફટાક


**૧. જવાબ આપો.**

(૧) આંબા પર કોણ રહેતું હતું ?
(૨) કાગડાએ કોને ભગાડ્યો ?
(૩) કાગડો શાથી ઊડી ગયો ?

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


૨. ઓળખો અને રંગ પૂરો.





ભ

ય




ધ

ફ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૩. રમત

“આવ રે કાગડા કઢી પીવા...”



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૪. ગાઓ.



(૧) કલબલ કરતી કાબર આવી, આંગણે દાણા ખાય;
ઝઘડા-ઝઘડી ચાલે ત્યારે, માથું દુ:ખી જાય.



(૨) ઊંચી ડોકે ઘૂઘૂ કરતું, રંગ ભૂખરો કાળો,
ચાંચમાં લાવે સાંઠીકડાં ને બાંધે એનો માળો.



(૩) કોયલ પેલી કૂ કૂ ગાય, ક્યાં જઈને છૂપાય ?
આંબાડાળે બેઠીબેઠી ગીતો મીઠાં ગાય !



(૪) સૌથી વહેલો ઊઠી જાતો સૂરજનો છડીદાર !
બોલે ત્યારે માની લેજો પડી ગયું સવાર !



(૫) કાળાકાળા કાગડાભાઈ, કા...કા... કરી ગાતા !
ચોરેચૌટે ઊડતાફરતા, એંઠું-જૂઠું ખાતા.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૫. સાંભળો અને બોલો.

| | | | |
|---|---|---|---|
| ભણ | યાદ | ભીંત | ઘેસ |
| ધણ | નાદ | જીત | ફરાક |
| ધમણ | ફાનસ | ફીરકી | ઘરાક |
| જમણ | કાનસ | પારકી | ફુદરડી |


| | | | | |
|---|---|---|---|---|
| ચોખા | કાળો | ઘોડો | મોતી | અરીસો |
| પાયો | પાટો | લખોટી | વારો | કોલસો |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ભર | - | ભરો | બળદ | - | બળદો |
| ફર | - | ફરો | ખેતર | - | ખેતરો |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ચણો | - | ચણા | ઘોડો | - | ઘોડા |
| કાંસકો | - | કાંસકા | ચમચો | - | ચમચા |
| કૂતરો | - | કૂતરા | દડો | - | દડા |
| કાચબો | - | કાચબા | ફુવારો | - | ફુવારા |

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૬. રંગ પૂરો.



લીમડાની ડાળીએ બેઠો પોપટ,
લીંબોળી ખાય છે કટ કટ કટ...
વાંકી લાલ ચાંચ છે કેવી મજાની,
બોલે મધુરી મીઠી વાણી,
ઊંચે ઊંચે ઊડતા ઝટ ઝટ ઝટ...


Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૭. ગાઓ.

કાગડો કાળો ને કા...કા... કરે,
કાગડો ઊંચે આકાશે ઊડે.
કોયલ કાળી ને કુહૂ-કુહૂ કરે.
કોયલ આંબાની ડાળે ઝૂલે.
કબૂતર ભોળું ને ઘૂ-ઘૂ કરે.
કબૂતર ફેરફૂદરડી ફરે.
પોપટ લીલો ને મીઠું-મીઠું બોલે.
પોપટ ડાળે બેસીને ડોલે.
ચકલી નાની ને ચીં...ચીં... કરે.
ચકલી ફરરર-ફરરર ઊડે.

– રમેશ પારેખ

## ૮. રંગ પૂરો.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૯. ટપકાં જોડો અને લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ભ | ભ | ભ | ભ | ભ | ભ |
| | | | | | |
| ય | ય | ય | ય | ય | ય |
| | | | | | |
| ધ | ધ | ધ | ધ | ધ | ધ |
| | | | | | |
| ઙ | ઙ | ઙ | ઙ | ઙ | ઙ |
| | | | | | |
| ઐ | ઐ | ઐ | ઐ | ઐ | ઐ |
| | | | | | |
| ઔ | ઔ | ઔ | ઔ | ઔ | ઔ |
| | | | | | |

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૧૦. લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ભો | ભો | ભો | ભો | | | | |
| ભૌ | ભૌ | ભૌ | ભૌ | | | | |
| યો | યો | યો | યો | | | | |
| યૌ | યૌ | યૌ | યૌ | | | | |
| ઘો | ઘો | ઘો | ઘો | | | | |
| ઘૌ | ઘૌ | ઘૌ | ઘૌ | | | | |
| ક્ષો | ક્ષો | ક્ષો | ક્ષો | | | | |
| ક્ષૌ | ક્ષૌ | ક્ષૌ | ક્ષૌ | | | | |

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૧. વાંચો અને લખો.

| | | | |
|---|---|---|---|
| સૌ | | કૌશિક | |
| પૌંઆ | | સૌરભ | |
| ગૌશાળા | | ભૌતિક | |
| ગૌતમ | | ભૌમિક | |
| ગૌરવ | | સૌરવ | |

ભીંડાનું શાક

ગાયનાં શિંગડાં

હાથીની પૂંછડી

રેતીનો ઢગલો


બોરનો ઠળિયો


કાચની શીશી

લાકડાની ખુરશી

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૨. દોરતાં શીખો.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૩. ઉદાહરણ પ્રમાણે લખો.

| | | | |
|---|---|---|---|
| ભર | ભરો | તર | |
| ભણ | | વાંચ | |
| ફર | | નાચ | |
| જમ | | ચાલ | |

## ૧૪. ચીટકકામ

સમાચારપત્રોમાંથી પશુ, પંખી કે ફૂલછોડનાં ચિત્રો કાપીને ચોંટાડો અને નામ લખો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૧૫. મનગમતા પંખીનાં પીંછાં ચોંટાડો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૬. નવો શબ્દ લખો.

ભારત + જીવન → ભાજી

ફટાકડા + જામફળ → ______

ગાજર + ઉદય → ______

મગધ + જાનવર → ______

ફોગટ + કાનમ → ______

ભાજી + રણ + સાત → ______

ઈલા + યશ + વાળ → ______

ભૌમિક + તિલક + કબાટ → ______

નૌતમ + શારદા + દશક → ______

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૭. લખો.

| પક્ષી | રંગ | અવાજ |
|---|---|---|
| કોયલ | કાળી | કુહૂ...કુહૂ... |
| મોર | | |
| કાગડો | | |
| ચકલી | | |
| કબૂતર | | |

## ૧૮. જોડો અને ચિત્ર પૂર્ણ કરો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## શિક્ષકો માટે

- વિદ્યાર્થીઓને મજા પડે તે રીતે વાર્તા કહી સંભળાવો. વિદ્યાર્થીઓને આ વાર્તા નાટકરૂપે ભજવતાં શીખવો. વિદ્યાર્થીઓ આ વાર્તા રજૂ કરે એ માટે તેઓને પ્રોત્સાહિત કરો.

(૧) વાર્તા આધારિત પ્રશ્નોના ઉત્તર મેળવો.

(૨) આપેલ ચિત્રમાં લખેલા મૂળાક્ષરોને ઓળખી તેમાં રંગ પૂરાવો.

(૩) વિદ્યાર્થીઓને મેદાનમાં લઈ જઈ 'આવ રે કાગડા કઢી પીવા' રમત રમાડવી.

**રમત : આવ રે કાગડા કઢી પીવા...**

દાવ આપનાર એક જણ સિવાયના બાકીના ઢીંચણ પર હથેળી રાખી હારમાં કે ગોળમાં બેસશે. દાવ આપનાર થોડે દૂર જશે. હવે રમાડનાર કાંકરી હાથમાં લઈ, બધાએ ઢીંચણ પર મૂકેલી હથેળીમાં પોતાનો કાંકરીવાળો હાથ વારાફરતી ઘાલી કોઈની હથેળીઓમાં કાંકરી મૂકી દશે. આ પછી બધા બેઠેલા બોલશે કે,

"ચણ ચણ બગલી ચણાની દાળ,
હું પપૈયો તું મગદાળ,
આટિયાં પાટિયાં ભોંયમાં દાટિયાં
આવ રે કાગડા કઢી પીવા..."

કેટલીક જગ્યાએ ઉપરોક્ત જોડકણાંને સ્થાને...

કાગડા કાગડા કઢી પીવા આવ, શેર કંકુ લેતો આવ...
મારામાં કાંકરી ખૂંચે છે
સોનાની કાંકરી ખૂંચે છે
મારામાં કાંકરી ખૂંચે છે
રૂપાની કાંકરી ખૂંચે છે
આવ રે કાગડા કઢી પીવા

એમ પણ ગવાય છે.

આ સાંભળતાં દાવ આપનાર બધાની પાસે કા... કા... કા... કરતો આવશે અને કાંકરીવાળાને ખોળી કાઢવા પ્રયત્ન કરશે. આ વખતે બધા બેઠેલા છોકરા બોલશે કે "હાશ, કાંકરી ખૂંચે છે." અથવા "મારામાં કાંકરી ખૂંચે છે, સોનાની કાંકરી ખૂંચે છે." આમ બોલતાં બોલતાં દરેક પોતાનો પગ ઊંચો નીચો કરે. દાવ દેનાર થોડીવાર અવલોકન કરે તે પછી... જો દાવ આપનાર કાંકરીવાળા બાળકને ખોળી શકે તો તેને માથેથી દાવ ઊતરી જશે. અને તે કાંકરીવાળા બાળકને માથે દાવ આવશે. જો તે ખોળી ન શકે તો તેના માથે દાવ ચાલુ રહેશે અને ફરીથી એ જ પ્રમાણે રમત આગળ ચાલશે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(૪) વિદ્યાર્થીઓને આ કાવ્યપંક્તિઓ ગાઈ સંભળાવો.

(૫) આપેલા શબ્દો સંભળાવો અને બોલાવો.

(૬) પોપટના ચિત્રમાં રંગપૂરણી કરાવો.

(૭) કાગડો કાળો... ગીત ગવડાવો.

(૮) ભ, ય, ધ, ફમાં વિદ્યાર્થીઓ પાસે રંગ પૂરાવી પરિચય આપો.

(૯) ટપકાં જોડો અને લખાવો તેમજ કાનો માત્ર અને કાનો બે માત્રાવાળા અક્ષરોનો મહાવરો કરાવો.

(૧૦) આ એકમમાં ભ, ય, ધ, ફ. આ ચાર મૂળાક્ષર શીખવવાના છે. ધ અને ઘ તેમજ ક અને ફ વચ્ચે લખવામાં શો તફાવત છે તે સમજાવવું. તેમાં લેખનના વળાંકની ખાસ સમજ આપવી.

(૧૧) વંચાવો અને લેખન કરાવો.

(૧૨) પક્ષીઓનાં ચિત્રો દોરતાં શીખવો.

(૧૩) ઉદાહરણ પ્રમાણે લખાવો.

(૧૪) પક્ષીઓનાં ચિત્રો કાપી ચોંટાડવાની પ્રવૃત્તિ કરાવો.

(૧૫) મનગમતા પંખીનું પીંછું ચોંટાડાવો.

(૧૬) આપેલ શબ્દોમાંથી સરખા રંગવાળા મૂળાક્ષરો લઈ નવો શબ્દ લખાવડાવો.

(૧૭) પક્ષીઓના રંગ અને તેમના અવાજનું લેખન કરાવો.

(૧૮) પ્રાણી અને પક્ષીનું ચિત્ર પૂંઠા પર ચોંટાડવું. ચિત્રના ભાગોને કાપી આ ભાગો જોડાવી આખું ચિત્ર પૂર્ણ કરવું.

**આ એકમમાં આપણે શીખ્યા :**

| ભાષા | | પર્યાવરણ |
|---|---|---|
| ભ, ય, ધ, ફ | કાનો માત્રા સાથે, ( ો )<br>કાનો બે માત્રા સાથે ( ૌ ) | – |

◆

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in